
# યુવક આત્મસન્માનની રક્ષા કરે




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# યુવક આત્મસન્માનની રક્ષા કરે

દેવીઓ અને ભાઈઓ,

યુવક-યુવતિનાં લગ્ન એમના જીવનને સુખી અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે એક ધાર્મિક કર્તવ્યની ભાવનાથી કરવા જોઈએ, પરંતુ દુઃખની વાત એ છે કે, ઘણા પાલક વડીલો એમના લગ્નનો ઉંચો ઉદ્દેશ આદર્શને ગૌણ ગણીને દહેજ પ્રાપ્ત કરવાના લોભથી પ્રેરિત થઈને જ લગ્નનું નાટક કરે છે. એમના લીધે વરકન્યાનું જીવન દુઃખપૂર્ણ સ્થિતિમાં વિતે છે અથવા તો તેમના ભવિષ્યમાં આગ લાગે છે. ખૂબ પરિશ્રમ તથા લાડ પ્યારથી છોકરાને મોટા કરીને, જ્યારે તેમના જીવનને સાવધાની સાથે આગળ વધારવાનો સમય આવે છે ત્યારે દહેજના લોભમાં મોટા ભાગના વડીલો એની નાદાની કરી બેસે છે કે જેને પોતાના સંતાનો સાથે વિશ્વાસઘાત કરવાનું કહેવામાં આવે તો ખોટું નથી.

કોઈ કન્યાના  પિતા, જ્યારે છોકરાના પિતા સમક્ષ તેમના પુત્રની કન્યા સાથેના વિવાહનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે છોકરાના પિતાને કદાચ એવો અનુભવ થવા લાગે છે કે, એ વ્યકિત, પોતાના માથા પર વસૂકી ગયેલી ગાય જેવું કોઈ પશુ આપવા માગે છે, જેનું ભરણ પોષણ કોઈપણ જાતના લાભ વગર, આજીવન એને તથા તેના પુત્રને કરવું પડશે. એટલે તો તેઓ કન્યાના ખર્ચનું અનુમાન લગાવીને કન્યાની સાથે સાથે એક મોટી રકમ આપવા માટે દબાણ કરે છે. નહિ તો પોતાના પુત્રની ગૃહસ્થી વસાવવા, એમના જીવનને સુખી તથા વ્યવસ્થિત બનાવવા માટે એમની પ્રત્યેક સારી નરસી પરિસ્થિતિમાં એક સાથીના રૂપમાં પોતાની પુત્રી આપનારની પાસેથી દહેજના રૂપમાં કોઈ રકમ માંગવાનો બીજો કયો અર્થ હોઈ શકે ?

જે સમાજમાં  એ નારીજાતિની આટલી ઉપેક્ષા આટલું અવમૂલ્યન તથા આટલી અવગણના હોય એને એટલો બિનઉપયોગી અને નકામો માનવો જોઈએ. એ મિથ્યાચારી સમાજ અગર ઉન્નતિ અને વિકાસની સ્પર્ધામાં સંસારથી પાછળ રહી જાય તો તેમાં આશ્ચર્યની કોઈ વાત નથી.

નારીની ઉપેક્ષા કરીને કોઈપણ સમાજ ન તો આજ સુધી ગૌરવ પામી શકયો છે ન તો ભવિષ્યમાં પામશે.

કોઈના ઘરમાં જ્યારે પુત્ર જન્મે છે તો આનંદ વધાઈ થાય છે, પરંતુ જ્યારે બાળકી જન્મ લે છે ત્યારે આખા ઘરમાં શોક છવાઈ જાય છે. એક જ માતા પિતાના સમાન અંશ  એવા પુત્ર અને પુત્રીની વચ્ચે આ અસમાનતાની ભાવનાનું કારણ આ દહેજ જ છે. કન્યાના જન્મથી પિતાની ચિંતાઓમાં એક મોટી ચિંતાની વૃદ્ધિ થાય છે. તે એ છે કે, બાળકી જન્મી છે તો મોટી પણ થશે, જ્યારે મોટી થશે ત્યારે લગ્ન પણ કરવા પડશે. તે વખતે લગ્નના ખર્ચ ઉપરાંત જે એક મોટી રકમ દહેજના રૂપમાં પણ આપવી પતડશે એ ક્યાંથી આવશે ? બસ, એ જ દિવસથી પિતાના મસ્તિષ્કમાં દહેજની ચિંતાનો આ કાંટો ભોંકાયા કરે છે. જેના લીધે આ પરિવાર પેટે પાટા બાંધીને એક એક પૈસો બચાવવા લાગે છે અથવા વધુ ધન કમાવવાના પ્રયત્નોમાં પોતાની પ્રામાણિકતા ખોઈ બેસે છે. આ બંને સ્થિતિમાં કન્યાનાં પિતાને જે મુશ્કેલીઓ, કષ્ટ અને પાપના ભાગીદાર બનવું પડે છે એમની ઘણીખરી જવાબદારી આ દુષ્ટ દહેજ પ્રથા તથા એ અસામાજિક વ્યકિતઓ પર આવે છે કે, જેઓ આવી પ્રથા જાળવી રાખવા પ્રયત્ન કરે છે. જેનો દંડ વહેલો મોડો, કોઈને કોઈ પ્રકારે પ્રત્યેક્ષ અથવા પરોક્ષ રૂપમાં ભોગવ્યા વગર તેમનો છૂટકો નથી.

આનાથી ઊલટું એમ વિચારવું સર્વથા અસામાજિક તથા અનૈતિક છે કે જ્યારે છોકરીના લગ્નમાં દહેજ આપ્યું છે તો છોકરાનાં લગ્નમાં દહેજ લઈશું જ અથવા છોકરાના લગ્નમાં અમે દહેજ લીધું છે તો છોકરીનાં લગ્નમાં દહેજ આપવું જ પડશે. આ તો એવી વાત થઈ કે જો આપણે કોઈ વ્યકિત દ્વારા લૂંટાઈએ તો આપણે પણ બીજાને લૂંટીશું. અને જ્યારે અમને બીજાએ લૂંટયા છે. તો બીજાના હાથે અમે પણ લૂંટાવા તૈયાર બેઠાં છીએ. આ પ્રકારની અનાવશ્યક તથા અહિતકર બદલાની ભાવનાથી મનુષ્યનો વ્યકિતગત વિકાસ તો રૂંધાય છે પણ સાથે સમાજમાં સ્નેહ, સહયોગ તથા સહઅસ્તિત્વની આધારરૂપ ભાવનાને પણ ઠેસ પહોંચે છે, કોઈએ, આપણા ઘરમાં ચોરી કરી એટલે આપણે પણ કોઈના ઘરમાં ચોરી કરવી એ  કોઈ યોગ્ય દલીલ નથી.

જેથી અમે દહેજ આપ્યું છે એટલે અમે પણ લઈશું. જો આ રીતે વિચારીશું તો દહેજ કોઈ દિવસ ખતમ જ નહીં થાય. અને વિવાહોન્માદનો રાક્ષસ કોઈ દિવસ નહીં મરે. જે આજે વરરાજા બનીને માગી રહ્યો છે. તેમને ત્યાં કાલે છોકરી જન્મશે અને લગ્ન કરાવશે ત્યારે તેને કર્મનું ફળ ભોગવવું જ પડશે. રાજસી ઠાઠમાઠથી વસ્ત્રો પહેરીને ઘોડા પર ચઢીને રાજા બનીને આવયો છે અને કન્યાના પિતા સાથે હાથ ફેલાવીને ભીખ માગી રહ્યો છે. શું રાજા આવા હોય? શરમ આવવી જોઈએ. પોતાનું સન્માન વેચીને હાથ ફેલાવનારા નિર્લજ્જ વરરાજાઓને શરમ આવવી જોઈએ. જે હાથ આપવા માટે હોવા જોઈએ એ માગવા માટે આગળ ધર્યા. ભવિષ્યની પેઢી આવી કુપ્રથાને ધિક્કારશે. દહેજના રિવાજનો તો નાશ થવો જ જોઈએ, પરતું આવનારી પેઢીઓ કહેશે કે અમારા પૂર્વજો હતા તો ખૂબ બુદ્ધિમાન, પરંતુ કોણ જાણે શા માટે આવી દુષ્ટ નિર્મમ પ્રથાને સદીઓ સુધી ચલાવે રાખી ?

દહેજનો લોભ ફકત યુવકના પિતા સુધી જ સીમિત નથી. યુવકોની ફરમાઇશ સાંભળીને યુવતીવાળાઓના તો મોતિયા જ મરી જાય છે. કોણ જાણે કયા કયા રીતરિવાજોના નામ પર તેઓ મોટર સાઈકલ મોટરકાર, કિંમતી સૂટ, ઘડિયાળ, ટી.વી. ઘરેણાં અરે ,, ત્યાં સુધી કે દેશમાં ભણવાનો ખર્ચો અને વિદેશ મોકલી ભણવા સુધીનો ખર્ચો માગે છે. સાવ અભણ અને ગમાર યુવકો યુવતીવાળાઓ સામે એવી એવી ચીજોની માગણી કરે છે, જે સાંભળીને શરમ આવવાની સાથે સાથે ક્રોધ પણ આવે છે. આ બધી માગણીઓ, ફરમાઈશોને કોઈપણ યુવતીવાળાની હેસિયત બગાડી નાખવા સિવાય બીજું શું માની શકાય ? ભગવાન આ નિર્મમ ભિખારીઓને સદ્બુદ્ધિ આપે.

વિચારવાની વાત છે કે, યુવતીઓ જ્યારે એ જુએ કે સાંભળે કે જયાં સુધી એમને ઇચ્છિત સામાન અને ઘણા રૂપિયા દહેજના રૂપમાં આપવામાં ન આવે ત્યાં સુધી કોઈ એમની સાથે લગ્ન કરવા તૈયાર થતું નથી. ત્યારે તેમના નાજુક મન પર કેવી અસર થાય ? શું એ અનુભવ નહીં કરતી હોય કે એની સાથે લગ્ન કરવા તે કોઈને પણ માટે ખોટનો ધંધો છે અને તેની ક્ષતિપૂર્તિ કરવી તે તેના પિતાની અનિવાર્ય ફરજ છે.

આવી સ્થિતિમાં તેઓ પોતાના અસ્તિત્વને કેટલું હીન, નકામું અને બિનઉપયોગી અનુભવતી હશે ? દહેજ માગનાર યુવકોને ભગવાન આગલાં જન્મમાં યુવતી બનાવે ત્યારે તેમને તેનો અનુભવ થશે.

જો સમાજ પોતાની યુવતીઓ અને રાષ્ટ્રની ભાવિ માતાઓને આ રીતે પોતાને અભાગી અને ભાર રૂપ અનુભવ કરવા માટે વિવશ કરે તો એ સમાજ અવશ્ય અવિવેકી તથા અસંસ્કારી સમાજ છે. તે ઉદાત્ત તથા ઉન્નત મનોભૂમિવાળા નાગરિકોના જન્મવાની આશા કરાવવાનો અધિકારી નથી. માની દીનહીન, ક્ષુબ્ધ તથા કચડાયેલી મનોભૂમિમાંથી, ક્ષુદ્ર સંસ્કાર ગ્રહણ કરીને જન્મ લેનારા બાળકો દીનહીન અને તુચ્છ મનોભુમિવાળો જ હોઈ શકે. આ રીતે દહેજની આ દુષ્ટ પ્રથા સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યે પ્રત્યક્ષ તથા પરોક્ષ બંને રૂપે એક એવો વિશ્વાસઘાત છે કે જે કોઈપણ નાગરિક માટે કલંક પૂર્ણ ધિક્કારથી ઓછો નથી. એટલે જેટલું જલદી થઈ શકે તેટલું લોક, પરલોક સમાજ અને સંતાનના કલ્યાણની ભાવનાથી પ્રેરિત થઈને આ ઉભયપક્ષી શત્રુ પ્રથાને તિલાંજલિ આપીને, એ પુણ્ય લાભ લો કે જેના સારા ફળ સ્વરૂપે આપના સંતાનની અને આપના સમાજની પ્રત્યક્ષ સેવા બધાને સુખી બનાવી શકે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦